# દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમ (ટેલીવિઝન) નિર્માણ અનુસ્નાતક ડીપ્લોમા
## ( પૂર્ણ સમયનો અભ્યાસક્રમ )
## Post Graduate Diploma in Audio-Visual Program ( Television) Production

**વિભાગ અંગે : About the Department**

ટેક્નોલોજીના બદલાતા યુગમાં ગાંધીવિચારને સાથે રાખી ટેલિવિઝન ક્ષેત્રે નિર્માણ કાર્ય શીખવતાં આ અભ્યાસક્રમની શરૂઆત ૧૯૯૧માં થઇ હતી. ખંડ સમયના અભ્યાસક્રમથી શરૂ થયેલ આ વિભાગ હાલમાં એક વર્ષનો પૂર્ણ સમયનો દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમ (ટેલીવિઝન) નિર્માણ અનુસ્નાતક ડીપ્લોમા અભ્યાસક્રમ ચલાવે છે. આ વિભાગનો ઉદ્દેશ એવા પ્રત્યાયકો તૈયાર કરવાનો છે કે જે આધુનિક પ્રત્યાયનના સાધનોનો ઉપયોગ કરી સમાજ ઉપયોગી કામ કરે.

સાથે સાથે ૩ મહિનાનો બેસિક ફોટોગ્રાફીનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ વિભાગ ધ્વારા ચલાવવામાં આવે છે. આ પ્રમાણપત્ર અભ્યાસક્રમ શનિવાર 3.00 થી 6.00 અને રવિવારે 8.00 થી 11.00 ચલાવવામાં આવે છે.

**વિઝન મિશન અને હેતુ :**

આજના બદલાતા યુગમાં જ્યારે ઇલેક્ટ્રોનિક મીડિયાની બોલબાલા છે ત્યારે સંપૂર્ણ રીતે ઇલેક્ટ્રોનિક મીડિયામાં કામ કરવા તત્પર વિદ્યાર્થીઓને તૈયાર કરવાનું, તેમણે રોજગારીની તકો મળે તેવી તાલીમ આપવાનું અને હાલના સમય પ્રમાણે ઇલેક્ટ્રોનિક સાધનોનો ઉપયોગ કરી વધુમાં વધુ લોકો સુધી ગાંધી વિચાર પહોચાડવો એ આ વિભાગનો મુખ્ય હેતુ છે.

**મુખ્ય વિશેષતાઓ**

- અદ્યતન ડિજિટલ સાધનોથી સજ્જ સ્ટુડીઓની સગવડ, અત્યાધુનિક દ્રશ્ય-શ્રાવ્યના ઉપકરણોથી સજ્જ
- અનુભવી તજજ્ઞો
- શિક્ષણ સાથે જીવન ઘડતરના કાર્યક્રમો
- ગૂજરાત વિદ્યાપીઠના જુદા જુદા વિભાગો દ્વારા થતા કાર્યક્રમોનું દૃશ્ય અને શ્રાવ્ય રેકોર્ડિંગ અને સંકલન કરી DVD બનાવવાનું કાર્ય વિભાગ દ્વારા કરવામાં આવે છે૰ દ્રશ્ય શ્રાવ્ય નિર્માણ વિભાગ સરકારી અને બિનસરકારી તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓની દસ્તાવેજી ફિલ્મોનું નિર્માણ કરી આપવાનું કાર્ય કરે છે. જેમાં પ્રાયોગિક કાર્યના ભાગરૂપે વિદ્યાર્થીઓ પણ જોડાય છે. હાલમાં ગૂજરાત વિદ્યાપીઠના આ વિભાગ પાસે ખૂબ જ આધુનિક સાધનોથી સજ્જ, અતિ અદ્યતન ઇકોસ્ટિક વિડિયો નિર્માણ સ્ટુડિયો છે અને ઓડિયો રેકોર્ડિંગ સ્ટુડિયો છે. અહી ગાંધીવિચારને સ્પર્શતા વિવિધ કાર્યક્રમો તૈયાર કરવામાં આવ્યા છે. આ ઉપરાંત સ્વૈચ્છિક સંસ્થાઓની દસ્તાવેજી ફિલ્મો પણ તૈયાર કરવામાં આવી છે. આ વિભાગ ધ્વારા સંસ્થાના વિવિધ કાર્યક્રમોનું જીવંત પ્રસારણ કરવામાં આવે છે.

**શૈક્ષણિક કાર્યક્રમ :**

- બે સેમિસ્ટરનો શિક્ષણ કાર્યનો સમયગાળો ( જેમાં છાત્રાલય નિવાસ ફરજ્યાત નથી )
- સમય :સવારે ૮.૦૦ થી ૨.૦૦
- મુખ્યત્વે પ્રાયોગિક કાર્યને મહત્વ

| | સત્ર-૧ | |
|---|---|---|
| AV-101 | પ્રત્યાયન અનેસમૂહમાધ્યમો | Mass Communication |
| AV-102 | કાર્યક્રમ નિર્માણપરિચય | Introduction of Programme Production |
| AV-103 | ટી.વી.કાર્યક્રમ નિર્માણકૌશલ્ય | Television Programme Production Skill |
| AV-104 | કાર્યક્રમ નિર્માણ -૧( મૌખિક અને પ્રાયોગિક ) | Programe Production-1 ( Oral & Practical) |
| COMPL-101 | ગ્રામજીવન પદયાત્રા | GramjivanPadyatra |
| COMPL-102 | ઉદ્યોગ | Udhyog |
| COMPL-103 | સમૂહજીવન શ્રેણી | Community Living Grade |

| | સત્ર-૨ | |
|---|---|---|
| AV-201 | કાર્યક્રમ નિર્માણમાં સંશોધનઅને સર્જનશીલતા | Research and Creativity in Programme Production |
| AV-202 | કાર્યક્રમ નિર્માણ-૨ ( મૌખિક અને પ્રાયોગિક ) | Programme Production-2 ( Oral & Practical) |
| COMPL-201 | ઉદ્યોગ | Udhyog |
| COMPL-202 | સમૂહજીવન શ્રેણી | Community Living |
| EC-201 | સંકલન અને ધ્વની મુદ્રણ | Camera and Lighting |
| | અથવા | |
| EC-202 | દ્રશ્યાંકન અને પ્રકાશઆયોજન | Editing and Sound Recording |

- સત્ર -૨ માં ઇન્ટર્નશિપનો સમય ગાળો -૧ માસ

**રોજગારનો અવકાશ :**

આ વિભાગમાંથી અભ્યાસ કરીને ગયેલા વિદ્યાર્થીઓ હાલ ઇ ટી.વી. ગુજરાતી, TV 9 ગુજરાતી, દૂરદર્શન, આજતક જેવી ચેનલોમાં સમાચાર વાચક, કેમેરા પર્સન, એડિટર, દિગ્દર્શક, સ્ક્રિપ્ટ રાઇટર, પ્રોડક્શન આસી., ધ્વનિમુદ્રક, પેનલ પ્રોડ્યુસર તરીકેની કામગીરી કરી રહ્યા છે. વળી ગાંધી વિચારને સાથે રાખીને ઇલેક્ટ્રોનિક સાધનોનો ઉપયોગ કરી વિભાગના કેટલાક વિદ્યાર્થીઓ ગામડામાં જઇને કાર્ય કરી રહ્યા છે.

**યોગ્યતા : (કુલ 25 સીટ)**

- કોઈપણ વિદ્યાશાખામાં સ્નાતક કક્ષાએ ન્યૂનુત્તમ 40% હોવા જરૂરી.
- ઉંમર મર્યાદા 40 વર્ષ

સંપર્ક : (079) 400 16 335

આલાપ બ્રહ્મભટ્ટ
ઇન્ચાર્જ, દ્રશ્ય શ્રાવ્ય નિર્માણ વિભાગ
મ.દે. સમાજસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, આશ્રમ માર્ગ અમદાવાદ

વધુ માહિતી માટે :

આલાપ બ્રહ્મભટ્ટ : 9998055188, મનીષભાઈ ભોઇ : 9427620926, ધ્રુવ દવે : 9426312254